ભારત-પાકિસ્તાનની વચ્ચે ક્રિકેટ શ્રેણી માટે તખ્તો તૈયાર

નવીદિલ્હી, તા.૧૬

ભારત અને પાકિસ્તાન વચ્ચે પાંચ વર્ષના લાંબા ગાળા દરમિયાન ફરી એકવાર ક્રિકેટ સંબંધોની શરૂઆત થવા જઈ રહી છે, આની સાથે જ બંને દેશો વચ્ચેનાં સંબંધોમાં સુધારો થવાની શક્યતા દેખાઈ રહી છે. ભારતીય ક્રિકેટ સાથે સંકળાયેલા અધિકારીઓએ કહ્યું હતું કે, તેઓ આ વર્ષે મોડેથી શ્રેણી માટે પાકિસ્તાનને આમંત્રણ આપી ચૂક્યાં છે. બંને પડોશી દેશો વચ્ચે મુંબઈમાં ભીષણ આતંકવાદી હુમલા બાદ ક્રિકેટ સંબંધો તૂટી ગયા હતાં. બંને સરકારો દ્વારા જો આને મંજૂરી આપવામાં આવશે તો ભારત-પાક. વચ્ચેની શ્રેણી ડિસેમ્બર-જાન્યુઆરીમાં રમાશે, જેનાં ભાગરૂપે ત્રણ વન-ડે મેચ રમાશે. બીસીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, પાકિસ્તાન ક્રિકેટ ટીમને આમંત્રણ આપીને પાકિસ્તાન સાથે ક્રિકેટ સંબંધો પુનઃશરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડિસેમ્બર

૨૦૧૨-જાન્યુઆરી ૨૦૧૩માં આ ટૂંકી શ્રેણી રમાશે. બીસીસીઆઈનાં આ નિવેદનને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બંને દેશો વચ્ચે ક્રિકેટ શ્રેણીની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. હરીફ ટીમોએ વર્ષ ૨૦૦૭માં ભારતનાં પાકિસ્તાનનાં પ્રવાસ બાદથી કોઈપણ શ્રેણી રમી નથી. મુંબઈમાં ૨૦૦૮માં ભીષણ આતંકવાદી હુમલા બાદ ક્રિકેટ સંબંધો તૂટી ગયા હતાં. પાકિસ્તાનથી આવેલાં આતંકવાદીઓ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. ન્યુઝ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, નવીદિલ્હી, મોહાલી અને ધર્મશાલામાં ત્રણ વન-ડે મેચો રમાશે. ડિસેમ્બર ૨૩ અને જાન્યુઆરી ૧૦ વચ્ચે આ મેચો રમાશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે સૂચિત શ્રેણીનું તરત જ સ્વાગત કર્યું છે. હવે વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલય તરફથી મંજુરીની જરૂર છે. પીસીબીનાં ચેરમેન જાકા અશરફે ટેલિવિઝન ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું છે કે, પાકિસ્તાન વિધિવત્ આમંત્રણની હજુપણ રાહ જોવે છે પરંતુ આ વર્ષે મોડેથી શ્રેણી રમાય તેવી શક્યતા છે. ક્રિકેટ સંબંધો બે પરમાણુ સક્ષમ દેશોની સરકાર વચ્ચે ચર્ચાનો વિષય છે. સંબંધો સુધારવા માટે નિયમિત રીતે વાતચીત જરૂરી છે. શાંતિ સમજૂતિ ખૂબ જરૂરી છે. ૧૯૪૭માં સ્વતંત્રતા બાદથી બંને દેશો યુદ્ધ લડી ચૂકયાં છે. ૨૦૦૭ બાદથી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં જ ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચો રમાઈ છે. ગયા વર્ષે મોહાલીમાં બંને દેશ વચ્ચે વર્લ્ડકપની સેમીફાઈનલ મેચ રમાઈ હતી. આ હાઈપ્રોફાઈલ મેચમાં બંને દેશોનાં વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતાં. ત્યારબાદ માર્ચમાં બાંગ્લાદેશમાં એશિયા કપમાં બંને દેશો સામસામે રમ્યા હતાં. આ બંને મેચ ભારતે જીતી હતી. ભારત સરકારનાં સૂત્રોએ કહ્યું છે કે, ક્રિકેટ સંબંધો પુનઃશરૂ કરવાનાં નિર્ણય અંગે સંબંધિત બોર્ડ નક્કી કરી શકે છે. દ્વિપક્ષીય વાતચીતમાં પણ ક્રિકેટ સંબંધનો મામલો ચમક્યો હતો અને આ મામલાને બંને દેશોનાં બોર્ડ પર છોડી દેવાયો હતો. ટૂંકમાં ક્રિકેટ બોર્ડ જ પારસ્પરિક મળીને ક્રિકેટ સંબંધો શરૂ કરવા અંગે નિર્ણય કરશે. જો પ્રતિકૂળ સંજોગ હશે તો જ ભારત સરકાર આને લીલીઝંડી આપવાનો ઈન્કાર કરશે.

મોંઘવારીમાં થયો ઘટાડો ફુગાવો ઘટી ૭.૨૫ ટકા

નવીદિલ્હી, તા.૧૬

જૂન મહિનામાં ફુગાવામાં આંશિક ઘટાડો થયો છે. અલબત્ત શાકભાજી, ઘઉં અને કઠોળની કિંમત હજુપણ ખૂબ ઉંચી છે છતાં મેન્યુફેક્ચરિંગ ચીજ-વસ્તુઓની કિંમતમાં ઘટાડો થતાં સ્થિતિ હળવી બની છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ (ડબલ્યુપીઆઈ) દ્વારા નક્કી કરવામાં આવતાં ફુગાવાનો આંકડો મે મહિનામાં ૭.૫૫ ટકા હતો જે જુનમાં ગયા વર્ષે ૯.૫૧ ટકા હતો. એકંદરે ખાદ્યાન્ન ફુગાવો જુનમાં ૧૦.૮૧ ટકા થયો છે. ગયા વર્ષે જુનમાં આ કેટેગરીમાં ફુગાવાનો દર ૭ ટકા હતો. હેડલાઈન ફુગાવો જુનમાં પાંચ મહિનામાં સૌથી નીચી સપાટીએ રહ્યો છે. ક્યુઅલ કિંમતમાં ધીમી ગતિએ વધારો થયો છે જેની સીધી અસર થઈ છે. બિઝનેસ લીડરો તરફથી આરબીઆઈ ઉપર દબાણ વધારવામાં આવતાં તેની અસર જોવા મળી છે. ઉદાસીન અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા વ્યાજદરમાં કાપ મૂકવા દબાણ વધારવામાં આવી રહ્યું છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ ફુગાવો જુન મહિનામાં ૭.૨૫ ટકા રહ્યો છે જે નિષ્ણાંતોનાં અંદાજ કરતાં ઓછો છે. નિષ્ણાંતોએ ૭.૬૨ ટકાનો અંદાજ મૂક્યો હતો. મે મહિનામાં ફુગાવો ૭.૫૫ ટકા હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ૩૧ જુલાઈનાં દિવસે મળનારી તેની પૉલિસી મિટિંગમાં રેપોરેટમાં કાપ મૂકે તેવી શક્યતા દેખાઈ રહી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, ફુગાવાનાં આંકડામાં અનઅપેક્ષિત ઘટાડો સારા સમાચાર છે. આનાં કારણે રેટમાં કાપનાં દરવાજા ખુલી ગયા છે. વર્ષ ૨૦૦૯ બાદથી ફુગાવો ૭ ટકાથી ઉપર રહ્યો છે. વડાપ્રધાનનાં આર્થિક સલાહકાર સી.રંગરાજને કહ્યું છે કે, મોનસૂની વરસાદની પ્રગતિ કિંમતોમાં ઘટાડા તરફ દોરી જશે. જો મોનસૂન નિરાશાજનક શરૂઆત બાદ સામાન્ય રહેશે તો ફુગાવો ઘટી શકે છે. ખાદ્યાન્ન કિંમતો આ વર્ષની શરૂઆતથી જુનમાં ૧૦.૮૧ ટકા વધી છે. બેંચમાર્કનો આંકડો ચિંતા ઉપજાવે તેવો છે. અલબત્ત, જીવનજરૂરી ચીજ-વસ્તુઓનાં ભાવમાં વધારો થયો છે. આજે જારી કરવામાં આવેલાં આંકડામાં જણાવાયું છે કે, મેન્યુફેક્ચરિંગ કિંમતોમાં આ મહિનામાં ૫ ટકા સુધીનો વધારો થયો છે.

મલયાલમ મહિનાને કારકીડીક્મ તરીકે ઉજવવામાં આવતા ઉત્સવમાં વડક્કુનાથન મંદિર ખાતે ભક્તો હાથીને ભાવતાં ભોજન ખવડાવીને પોતાની ઉચ્ચ કારકિર્દી માટે પ્રાર્થના કરતાં નજરે ચઢે છે.

રાજેશ ખન્નાને આજે રજા મળે તેવી પ્રબળ સંભાવના

મુંબઈ, તા. ૧૬

બોલિવૂડના સદાબહાર અભિનેતા રાજેશ ખન્ના હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે પરંતુ રાજેશ ખન્નાની મંગળવારના દિવસે રજા આપવામાં આવે તેવી શક્યતા છે. લીલાવતી હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા રાજેશ ખન્નાની તબિયતને લઈને ચાહકો ખૂબ જ ચિંતિત દેખાઈ રહ્યા છે. નજીકના સૂત્રોનું કહેવું છે કે રાજેશ ખન્ના નબળાઈનો અનુભવ કરી રહ્યા છે. રાજેશ ખન્ના હાલમાં સ્વસ્થ છે. પરિવારના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પરિવારના તમામ સભ્યો તેમની સાથે છે. તેમનાથી દૂર થઈ ગયેલી ડિમ્પલ કાપડીયા અને રિંકી પણ હોસ્પિટલમાં તેમની સાથે છે. રવિવારે પુત્રી ટ્વિકલ

ખન્ના પણ મળવા માટે પહોંચી હતી. ૨૩મી જૂનના દિવસે ખન્નાને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને બે સપ્તાહ સુધી હોસ્પિટલમાં રહ્યા હતા. એપ્રિલ બાદથી તેમની આરોગ્યની સ્થિતિ સારી રહી નથી. એ વખતે નબળાઈ અને થાકના કારણે રાજેશ ખન્નાને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જો કે ત્રણથી ચાર દિવસમાં તેમને રજા અપાઈ હતી. કાકા તરીકે વધુ જાણીતા થયેલા રાજેશ ખન્નાએ આરાધના અને અમર પ્રેમ જેવી સુપર હિટ ફિલ્મો ૧૯૭૦ના દશકમાં કરી હતી. ઘણા વર્ષો સુધી રાજેશ ખન્ના પ્રકાશમાં રહ્યા ન હતા. હાલમાં તેઓ એક જાહેરાતમાં પણ ચમક્યા હતા. ૧૯૭૩માં રાજેશ ખન્નાએ અભિનેત્રી ડિમ્પલ કાપડીયા સાથે લગ્ન કર્યા હતા પરંતુ ૧૯૮૪માં બંને અલગ થઈ ગયા હતા. ડિમ્પલ કાપડીયાની બે પુત્રી ટ્વીકલ અને રિંકી બંને બોલિવૂડની અભિનેત્રી રહી ચૂકી છે. ટ્વિકલ ખન્નાએ થોડાક વર્ષો પહેલાં બોલિવૂડના અભિનેત્રા અક્ષય કુમાર સાથે લગ્ન કર્યા હતા. રાજેશ ખન્નાની તબિયત અંગે માહિતી મેળવવા બોલિવુડના કલાકારો સતત હોસ્પિટલમાં પહોંચી ગયા છે.

ભારતમાં દુષ્કાળની સ્થિતિ નથી : શરદ પવાર

નવીદિલ્હી, તા.૧૬

કૃષિ પ્રધાન શરદ પવારે આજે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતમાં દુષ્કાળની પરિસ્થિતિ નથી. તેમણે કહ્યું હતું કે, આ વર્ષે નબળા મોનસૂનનાં કારણે રેકોર્ડ અનાજ ઉત્પાદનનાં આંકડાને જાળવી રાખવાનો મોટો પડકાર ઉભો થઈ ગયો છે. પવારે કહ્યું હતું કે, હજુસુધી દુષ્કાળની સ્થિતિ નથી. આ વર્ષે મોનસૂને છુપાછુપીની રમત રમી છે. છેલ્લાં બે વર્ષની સરખામણીમાં આ વર્ષે રેકોર્ડ અનાજ ઉત્પાદનને જાળવી રાખવા ખેડૂતો માટે મોટો પડકાર છે. કૃષિ માટે લાઈફલાઈન સમાન દક્ષિણ-પશ્ચિમ મોનસૂન ૫ જૂનનાં દિવસે કેરળ પહોંચ્યું હતું પરંત તેની પ્રગતિ દેશમાં અટકી પડી છે જેથી પાકનાં વાવેતરને અસર થઈ છે. આ વર્ષે ૪ ટકાનાં કૃષિ વિકાસ દરને જાળવી રાખવાનો મોટો પડકાર છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને જાણીતા વૈજ્ઞાનિક અબ્દુલકલામની હાજરીમાં એક કાર્યક્રમનાં ભાગરૂપે પવારે કહ્યું હતું કે, નબળા મોનસૂનનાં પરિણામે વિકટ સમસ્યા સર્જાઈ છે. તેમણે એમપણ કહ્યું હતું કે, અનાજ

ઉત્પાદનને અસર થશે. ભારતમાં ૨૦૧૧-૧૨નાં પાક વર્ષમાં ૨૫૨.૫૬ મિલિયન ટન અનાજનું રેકોર્ડ ઉત્પાદન થયું હતું. ઘઉં અને ચોખાના ઓલટાઈમ હાઈ ઉત્પાદનનાં પરિણામ સ્વરૂપે અનાજ રેકોર્ડ ઉત્પાદનનાં આંકડાએ પહોંચ્યું હતું. પ્રથમ વખત બિનબાસમતી ચોખાનો ૫ મિલિયન ટનનો જથ્થો નિકાસ કરવામાં આવ્યો હતો જ્યારે ૧.૫ મિલિયન ટન ઘઉંનો જથ્થો, ૨.૫ મિલિયન ટન ખાંડનો જથ્થો અને ૧૧.૫ મિલિયન ટન બેલ્સ કોટનનાં જથ્થાની નિકાસ કરવામાં ભારતને સફળતા મળી હતી. ગયા સપ્તાહમાં પ્રધાને કહ્યું હતું કે, કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં નબળા મોનસૂનનાં લીધે સ્થિતિ ચિંતાજનક બનેલી છે. ૧૧ જૂન સુધી દેશમાં મોનસૂનની સ્થિતિ સુધરી છે પરંતુ કર્ણાટક, મધ્ય મહારાષ્ટ્રમાં ચિંતા સતાવી રહી છે.

દેશના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર ભાજપના વરિષ્ઠ નેતા જશવંતસિંહ

નવી દિલ્હી, તા. ૧૬

દેશના ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર ભાજપના વરિષ્ઠ નેતા જશવંતસિંહ રહેશે. આ અંગેની જાહેરાત આજે ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણીએ કરી હતી. તેમણે કહ્યું હતું કે જશવંતસિંહના મામલે સભ્યોમાં સર્વસંમતિ છે. દાર્જિલિંગમાં થી સંસદના સભ્યના નામ પર સંપૂર્ણ સંમતિ છે. રાષ્ટ્રીય પાટનગરમાં પત્રકારો સાથે વાતચીત કરતા અડવાણીએ કહ્યું હતું કે જશવંત સિંહ એનડીએના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર રહેશે. અડવાણીએ કહ્યું હતું કે એનડીએના કન્વીનર શરદ યાદવના નામ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ જેડીયુના નેતા આને લઈને વધારે ઉત્સુક ન હતા. યુપીએના ઉમેદવાર

અને ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારીની દાવેદારી અંગે પુછવામાં આવતા અડવાણીએ કહ્યું હતું કે તેઓ તેમના નામને મંજૂરી આપી રહ્યા નથી. કારણ કે ૨૯મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે રાજ્યસભામાં લોકપાલ બિલને રોકવામાં તેમને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભાજપના નેતાએ કહ્યું હતું કે એનડીએના તમામ સાથી પક્ષોએ બેઠક યોજીને એવો નિર્ણય કર્યો છે કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમના પોતાના ઉમેદવાર હોવા જોઈએ. જશવંતસિંહનું નામ મંજૂર થઈ ગયું છે.

અડવાણીના નિવાસ સ્થાન ઉપર ઉપરાષ્ટ્રપતિના ઉમેદવારનું નામ નક્કી કરવા આ બેઠક યોજાઈ હતી. એનડીએના સભ્યોએ બેઠકમાં હાજરી આપી હતી. ભાજપે ચૂંટણી લડવાનો નિર્ણય કરતા અન્સારી હવે સીધી રીતે ચૂંટાઈ આવશે નહીં. ચૂંટણી હવે નિશ્ચિત બની ગઈ છે. જનતા ભાજપના નેતા નેજમા હેફતુલ્લાના નામ ઉપર પણ અગાઉ ચર્ચા થઈ હતી. એફતુલ્લા વર્ષ ૨૦૦૭માં અન્સારી સામે આ હોદ્દા માટેની ચૂંટણી લડી ચૂક્યા છે પરંતુ એ વખતે તેમને નિષ્ફળતા હાથ લાગી હતી. અડવાણીએ આશા વ્યક્ત કરી હતી કે ટોચના હોદ્દા માટે સાગ્માને ટેકો આપવાના મુદ્દે ભાજપની સાથે નહીં રહેલા એનડીએના સાથી પક્ષો પણ છેલ્લે માની લેશે અને સાગ્માને ટેકો આપશે. જેડીયુ અને શિવસેનાએ ભાજપ કરતા અલગ વલણ અપનાવીને ૧૯મી જુલાઈના દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં યુપીએના ઉમેદવાર પ્રણવ મુખર્જીને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે. જો કે શિવસેનાએ પહેલાંથી જ સેકત આપ્યો છે કે તે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવારોને ટેકો આપશે.

મધુમિતા શુક્લા હત્યા કેસમાં અમરમણી ત્રિપાઠી અને અન્ય આરોપીઓને ફટકારવામાં આવેલી આજીવન કારાવાસની સજા યથાવત્

નેનીતાલ, તા.૧૬

ઉત્તરાખંડની હાઈકોર્ટે આજે સનસનાટીપૂર્ણ મધુમિતા શુક્લા હત્યા કેસમાં સમાજવાદી પાર્ટીના ભૂતપૂર્વ ધારાસભ્ય અમરમણી ત્રિપાઠી અને અન્ય આરોપીઓને ફટકારવામાં આવેલી આજીવન કારાવાસની સજાને યોગ્ય ઠેરવી હતી. આ ચૂકાદાની જાહેરાત કરતાં હાઈકોર્ટે કહ્યું હતું કે અમરમણી અને અન્ય આરોપીઓને કોઈપણ પ્રકારની રાહત આપી શકાય નહીં. કારણ કે મધુમિતા શુક્લા હત્યાકેસમાં તેમની ભૂમિકા સાબિત થઈ ચૂકી છે. સીબીઆઈ તપાસમાં તેમની સંડોવણી જાહેર થઈ ચૂકી છે. અમરમણી ત્રિપાઠી, તેમના પત્ની મધુમણિ અને અન્ય બે આરોપીઓને વર્ષ ૨૦૦૭માં દહેરાદુનની કોર્ટને અપરાધી ઠેરવીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. કાવતરા ઘડી કાઢવા અને વર્ષ ૨૦૦૩માં લખનૌમાં શુક્લાની હત્યા કરવા બદલ અમરમણિ ત્રિપાઠી અને

અન્યોને આ સજા કરવામાં આવી હતી. તપાસથી આ બાબત સાબિત થઈ ચૂકી છે કે જ્યારે મધુમિતાની હત્યા કરવામાં આવી ત્યારે તે સગર્ભા હતી.

કવિયત્રી મધુમિતા શુક્લા સાથે અમરમણિના નજીકના સંબંધો હતા. આજના ચુકાદાની સાથે જ ત્રિપાઠીને મોટો ફટકો પડ્યો છે. કારણ કે રાજ્ય વિધાનસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણી લડવાના ત્રિપાઠીએ ઘણા પ્રયાસ કર્યા હતા. જામીન મેળવવા માટે તેમના પ્રયાસો થયા હતા. અમરમણિ ત્રિપાઠી સમાજવાદી પાર્ટીમાં હતા ત્યારે આ ચકચારી મામલો સપાટી ઉપર આવ્યો હતો. વિવાદ થતાં તેમની સમાજવાદી પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના રાજકારણમાં ભૂકંપ લાવવનાર મધુમિતા હત્યાકાંડમાં આજે સવારે અમરમણિ ત્રિપાઠીને રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. અન્ય તમામ આરોપીઓને યથાવત્ રાખવામાં આવી છે.

આ તમામ આરોપીઓએ સીબીઆઈ દહેરાદુનની કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી આજીવન કારાવાસની સજાને હાઈકોર્ટમાં પડકાર ફેક્યો હતો. બીજી બાજુ હત્યાકાંડના મુખ્ય સાક્ષીઓ પૈકી મધુમિતાની બહેન નીધિ શુક્લાએ અમરમણિ ત્રિપાઠી પર પરિવારની હત્યા કરી દેવા ધમકીનો આક્ષેપ મૂક્યો છે. આનાથી તંગ આવીને નીધિ શુક્લાએ રાષ્ટ્રપતિને પત્ર લખીને ઈચ્છા મુક્તિની માંગ કરી હતી. દિલ્હીથી ફોન પર નીધિએ કહ્યું હતું કે તે છેલ્લા ૧૦ વર્ષથી ન્યાય માટેની લડાઈ લડી રહી હતી. ઉત્તર પ્રદેશમાં સપાની સરકાર સત્તારૂપ થયા બાદ અમરમણિ જેલ વહીવટી તંત્ર અને કાયદા વ્યવસ્થાને પડકાર ફેંકી રહ્યા હતા. પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આજીવન કારાવાસની સજા પામેલા પ્રધાન જનતા દરબાર લગાવીને લોકોને ન્યાય આપવાની ખાત્રી આપી રહ્યા હતા. નીધિનું કહેવું છે કે તે ગૃહસચિવ, પોલીસ મહાનિર્દેશક, કમિશ્નરને ધમકીના સંબંધમાં પત્ર મોકલી ચૂકી છે. મધુમિતા કેસ હજુ ચકચાર જગાવે તેવી વકી છે.

શ્રુતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

નિષ્ક્રીય તત્ત્વરૂપે તે બ્રહ્મ કહેવાય અને સક્રીય તત્ત્વરૂપે એ શક્તિ, જગદંબા કહેવાય." જગદંબાની લીલાને પ્રત્યક્ષ નિહાળતા અને બાળકની પેઠે એ શક્તિમાં શ્રધ્ધા રાખતા. અને એ શક્તિના દોરવ્યા દોરાતા. સ્વામીજીને જન્મજાત મળેલી સિધ્ધિઓ અને ગુરુરૂપે મળેલ આધ્યાત્મિક વારસો ઉપકારક રહી છે. હજારો વર્ષથી અડીખમ આ પૃથ્વી ઉપર કેવાં કૌતુક રચાયાં છે! કૃષ્ણ - રામના અવતાર, યુગોનો વહાવ, પ્રલય - નિર્માણ, આધ્યાત્મ - ભૌતિકતા, યુધ્ધો અને તેમ છતાં શાંતિ સ્થાપવા મથી રહેલો ઇન્સાન...! એવું નથી લાગતું કે દુનિયામાં આપણું અવતરવું એકમાત્ર પરસ્પર પ્રેમરૂપે સંચરવા જ થયું હોય?! ઇતિહાસ નોંધ લે તેવું નહીં ઇતિહાસ આહ્લાદક અને આનંદ ક્ષણો રૂપેની નોંધ લે તો કેવું?

શ્રી રામકૃષ્ણદેવ અને સ્વામી વિવેકાનંદથી વર્ષો પછી પણ અહીં આનંદ ક્ષણો પાથરતી અમર આત્માઓ રૂપે અનંતમાં વિહરી રહી છે...

સ્વીટ રેઇન :

'મન! ચાલો નિજ નિકેતન
સંસાર વિદેશે, વિદેશીને વેશે
ભમો કેમ અકારણ -'

(બ્રહ્મસમાજમાં ગવાતું ભજન)

એકમાત્ર ભારતીય સ્વીમર ગગન પર પણ નજર કેન્દ્રિત

નવીદિલ્હી, તા. ૧૬

ઓલિમ્પિકસમાં ભારતીય સ્વીમરો પાસેથી ક્યારેય પણ સારો દેખાવની અપેક્ષા રાખવામાં આવી નથી છતાં આ વખતે ભારતીય સ્વીમર ગગન એપી ઉલાલમઠે તમામનું ધ્યાન ખેંચ્યું છે. સ્વીમિંગમાં એકમાત્ર ભારતની એન્ટ્રી ઉલાલમઠ છે.

લંડન ઓલિમ્પિકસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે લંડનમાં પણ ભારતીય સ્વીમર પાસેથી વધુ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી નથી. જો કે ઉલાલમઠને વિશ્વ સ્તરના સ્વીમરો સાથે સ્પર્ધામાં ઉતરવાની તક મળશે, જે તેના માટે ભવિષ્યમાં આદર્શ સાબિત થઈ શકે છે. યુનિવર્સિટી ક્વોટા હેઠળ ઈન્ટરનેશનલ સ્વીમિંગ ફેડરેશન દ્વારા પુરૂષોની ૧૫૦૦ મીટરની ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં ગગનની પસંદગી કરવામાં આવી છે.

નોર્મલ ક્વાલિફાઈંગ રૂટ હેઠળ દેશના ટોચના સ્વીમરો ફ્લોપ રહ્યા બાદ ગગન યુનિવર્સિટી ક્વોટા હેઠળ પસંદગી પામવામાં સફળ રહ્યો છે. જો કે આંતરરાષ્ટ્રીય સ્તરે તે સ્પર્ધામાં ઉતરી શકશે કે કેમ તેને લઈને શંકાની સ્થિતી જોવા મળી રહી છે. યુવા ગગન માટે લંડન ઓલિમ્પિકસમાં ભાગ લેવાની બાબત પણ તેના માટે ગર્વ સમાન છે. સાથે સાથે હવે તેના પર સારો દેખાવ કરવાનું દબાણ વધી રહ્યું છે. જાણીતા સ્વીમરો નિષ્ફળ રહ્યા બાદ તમામની નજર ગગન પર રહેશે. ૧૦૦મીટરની ફ્રી સ્ટાઈલમાં વિરધવાલ ખાડે, ૧૦૦ મીટર અને ૨૦૦લ મીટર બ્રીસ્ટસ્ટ્રોકમાં સંદીપ સેજવાલ, ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં આરોન ડીસોઝા અને સૌરભ સંગવેકર ફ્લોપ રહ્યા બાદ ગગન પાસેથી આશા વધી ગઈ છે. ૨૦ વર્ષીય કર્ણાટકનાં સ્વીમર ગગને ગયા વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ૮૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં સારો દેખાવ કર્યો હતો અને આમાં તેનો સમય ૮.૨૧.૨૩ સેકન્ડ રહ્યો હતો.

વાણીનું વરદાન (પાના નં. ૪ નું ચાલુ)

(૩) યુગે યુગે અધર્મનો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા માટે હું અવતાર લઉં છું.

આ પ્રેરક વાણી સાંભળી અર્જુન ઊભો થયો... ટટ્ટાર થયો... ગાંડીવનો ટંકાર કરીને પ્રભુને કહ્યું. "કરિષ્યે વચનં તવ" ... અને એ સાથે અર્જુને કૌરવોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. શ્રીકૃષ્ણના શ્રીમુખેથી પ્રગટેલી દિવ્ય વાણી ગીતા - વિશ્વગીતા બની ગઈ.

અર્જુનના કર્તવ્યના મૂળમાં ભગવાન શ્રીકૃષ્ણનું વકતૃત્વ છે. જો કોઈ એક વ્યક્તિમાં અર્જુનનું કર્તૃત્વ અને શ્રીકૃષ્ણનું વક્તૃત્વ એકત્રિત થાય તો દુનિયાને મળે બેજોડ નેતૃત્વ!

મન, વચન અને કાયાનું જયારે એકત્વ સધાય ત્યારે કોઈક બેજોડ આદર્શ પ્રસ્થાપિત થાય છે... અને આમ થાય ત્યારે સંત જ્ઞાન્શ્વેવરના થોડા શબ્દો, "બેટા! હવે ગોળ ન ખાતો?"ની અદ્‌ભૂત અસર કોઈક બાળક પર થાય છે... અને ત્યારે સમગ્ર વિશ્વ સ્વામી વિવેકાનંદ જેવાના મુખેથી સંમોહિત કરનારી વાણીમાં હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનાં ગુણગાન સાંભળે છે.

વાગ્દેવી વિશ્વકર્માને વિનંતી કરે કે સર્વાંગ સુંદર વક્તાની પ્રતિમા બનાવો.... તો તે પ્રતિમા કોના જેવી હોય?

નિઃશંક એ પ્રતિમા સ્વામી વિવેકાનંદ જેવી જ બલ્કે એમની જ હોય!

મૌલિક વિચાર... માતબર રજૂઆત... ભવ્ય ભાવ... સિંહની ડણક સમો અવાજ... રોમે રોમે સંસ્કૃતિ માટેનો પ્રેમ... વાણીનો જોશ... સ્વભાવમાં. હોંશ... સ્પટિક જેવું પારદર્શક વ્યક્તિત્વ... જન-જનને જગાડનારી જુસ્સાદાર વાણી... હૈયામાં માનવતાનું ઝરણું... હિમાલયની શાંતિ... ગંગાની પવિત્રતા... ચંદ્રની શીતળતા... આદિત્યની તેજસ્વિતા... મેરૂ પર્વતની અડગતા... ધ્રુવની સ્થિરતા... આ બધાનો સમન્વય કરી સર્જનહારે સર્જનના ચાકડે એક મનોહર મૂર્તિ કંડારી હોય એવો ધરખમ અને જુસ્સાદાર વાણીનો સ્વામી એટલે જ વિવેકાનંદ!

સર્જન કર્યા બાદ સ્વયં સર્જનહારને પણ ઓવારણાં લેવાનું મન થાય તેવું આભિજાત્ય!

વેદની ઋચાઓ અને ઉપનિષદના મંત્રો જાણે કે દેહ ધારણ કરીને આવ્યા હોય એવા સ્વામી વિવેકાનંદ એટલે વાણીનું ગૌરીશિખર! ઉન્નત અને ઉજ્જવળ...!!

ઈ. સ. ૧૮૯૩ પહેલાં પશ્ચિમના દેશો માનતા કે ભારત એટલે ડાકલાં વગાડતા ભૂવા અને મદારીઓનો દેશ. તેને વળી સંસ્કૃતિ કેવી?

એવા કપરા કાળમાં સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા... ૧૮૯૩ માં શિકાગોમાં ભરાયેલી સર્વધર્મ પરિષદમાં હાજરી આપવા. પરિષદ શરૂ થવાની આગલી રાત્રે એક ગોડાઉનમાં લાકડાના ખોખામાં ટંટિયું વાળીને પડ્યા હતા. પણ લંબાવી શકે તેટલી જગ્યા પણ ન હતી. બીજે દિવસે પરિષદમાં જઈને પ્રમુખશ્રી પાસે હિન્દુ ધર્મ પર બોલવાની અનુમતિ માગી. પ્રમુખશ્રીએ પૂછ્યું, "તમારી પાસે હિન્દુ ધર્મ પર બોલવાની પરવાનો છે?" આવો તો કોઈ પરવાનો સ્વામીજી પાસે ન હતો! પરંતુ પરિષદના મંત્રી સ્વામીજીને ઓળકતા હતા. તેમણે પ્રમુખને કહ્યું, "સ્વામી વિવેકાનંદ પાસે હિન્દુ ધર્મ પર બોલવાનો પરવાનો માગવો એ એવું કહેવાશે કે આપણે સૂર્યને પૂછીએ કે આ અવનિને અજવાળું આપવાનો પરવાનો તારી પાસે છે?" આ સાંભળી પ્રમુખશ્રી પ્રસન્ન થયા અને સ્વામીજીને બોલવા માટે પાંચ મિનિટ આપી.

એ પળ કેવી ધન્ય હશે!

સ્વામી વિવેકાનંદે મનોમન ગુરુવંદના અને સરસ્વતીવંદના કરી અને નાભિમાંથી સહજ શબ્દો ઉચ્ચાર્યા.

"મારા વહાલાં અમેરિકન ભાઈઓ તથા બહેનો..."

આ સંબોધનમાં ભાવ, ભીનાશ અપૂર્વ હતા. સૌ ભીતરથી ભીંજાયા અને પ્રતિભાવરૂપે સતત પાંચ મિનિટ તાળીઓનો ગુંજારવ કર્યો. માનવજાતે કદી ન સાંભળ્યો હોય એવો નાભિમાંથી નીકળેલો નાદ અદ્‌ભૂત, અપૂર્વ, અકલ્પ્ય, અવર્ણનીય અને અવિસ્મરણીય હતો. વાણી ખુદ ધન્ય બની ગઈ!

સૌ વિશેષણો વામણાં લાગે એવો વાણીનો અસ્ખલિત ધોધ! પ્રમુખશ્રી ઘંટડી વગાડવાની ભૂલી ગયા... આંખના પલકારામાં એક કલાક વીતી ગયો.

આપણી સહુની પાસે પણ વાણી છે... પરંતુ એને તપ, સંયમ અને ચારિત્ર્યની જલધારાથી ધારદાર બનાવવાની આવશ્યકતા છે... વાણીના સ્વામી બની શકીએ તો એ જીવનનું વરદાન છે!